1. લોકશાહીના પ્રકાર જણાવો.

- લોકશાહીના બે પ્રકાર છે. (i) પ્રત્યક્ષ લોકશાહી, (ii) પરોક્ષ લોકશાહી

2. પક્ષપ્રથાના સામાન્ય રીતે કેટલા પ્રકાર પાડવામાં આવ્યા છે?

- પક્ષપ્રથાના ત્રણ પ્રકાર છે. (i) એકપક્ષ પ્રથા, (ii) દ્વિ પક્ષ પ્રથા, (iii) બહુપક્ષ પ્રથ

3. ભારતમાં લોકસભામાં કુલ કેટલા સભ્યો હોય છે?

- ભારતમાં લોકસભામાં 545 સભ્યો છે.

4. લોકશાહીમાં કઈ કઈ બાબતોનું સ્વાતંત્ર્ય હોય છે?

- લોકશાહીમાં વિચાર, વાણી, અભિવ્યક્તિ તેમજ સંગઠનનું સ્વાતંત્ર્ય હોય છે.

5. રાજકીય પક્ષોનો મુખ્ય ધ્યેય કયો હોય છે?

- રાજકીય પક્ષોનો મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનો હોય છે.

6. લોકશાહીમાં સરકાર કોન રચે છે ?

- લોકશાહીમાં જે પક્ષને ધારાસભાના નીચલા ગૃહમાં બહુમતી બેઠકો મળે તે સરકાર રચે છે.

8. વિરોધપક્ષનું મુખ્ય કાર્ય કયું છે?

- વિરોધપક્ષનું મુખ્ય કાર્ય સરકારની ખામીઓ, ઊણપો, ગેરરીતિઓને ખુલ્લા કરવાનું અને સરકારની નીતિઓની ટીકા કરવાનું કાર્ય કરવાનું છે.

9. વિરોધપક્ષનું મુખ્ય કાર્ય કયું છે?

- વિરોધપક્ષનું મુખ્ય કાર્ય સરકારની ખામીઓ, ઊણપો, ગેરરીતિઓને ખુલ્લા કરવાનું અને સરકારની નીતિઓની ટીકા કરવાનું કાર્ય કરવાનું છે.

10. રાજકીય પક્ષોની કઈ માનસિક્તા રાષ્ટ્રને નુક્સાન પહોંચાડે છે ?

- પોતાનો “પક્ષ પહેલાં, રાષ્ટ્ર પછી”ની માનસિક્તા રાષ્ટ્રને નુક્સાન પહોંચાડે છે.

11. સરમુખત્યારશાહી તંત્રો શા માટે ચૂંટણીઓ યોજે છે ?

- સરમુખત્યારશાહી તંત્રો પોતાની સરકારને લોકોનું સમર્થન છે, એવું દેખાડવા માટે ચૂંટણીઓ યોજે છે.

12. ભારતમાં કઈ મિશ્ર સરકારે સ્થિર શાસન આપ્યું છે?

- ભારતમાં UPAની (યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ) સરકારે 2004 થી 2014 સુધી મિશ્ર સરકાર તરીકે સ્થિર શાસન આપ્યું છે.

13. રાષ્ટ્રીય મુક્તિના આંદોલનમાં કયા રાજકીય પક્ષનું અમૂલ્ય યોગદાન જોવા મળે છે ?

- રાષ્ટ્રીય મુક્તિના આંદોલનમાં કોંગ્રેસ પક્ષનું અમુલ્ય યોગદાન જોવા મળે છે.

14. આઝાદીની લડત દરમિયાન કયા કયા નેતાઓને નેતૃત્વ કર્યું હતું ?

- આઝાદીની લડત દરમિયાન મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ, મૌલાના આઝાદ, સુભાષચંદ્ર બોઝ, જેવા નેતાઓએ અસરકારક નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

15. મિશ્ર સરકારને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

- મિશ્ર સરકારને મોરચા સરકાર, સંયુક્ત સરકાર કે કોએલીશન ગર્વમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

16. મિશ્ર સરકારના પ્રકારો જણાવો.

- મિશ્ર સરકારના બે પ્રકારો છે. (1) ચૂંટણી પહેલાના જોડાણ (2) ચૂંટણી પછીના જોડાણવાળી મિશ્ર સરકાર.

17. કેવી મિશ્ર સરકાર તકવાદી સરકાર હોય છે ?

- ચૂંટણઈ પછીના જોડાણ કરી રચાતી મિશ્ર સરકાર વધુ પડતી તકવાદી સરકાર હોય છે.

18. ભારતમાં મિશ્ર સરકારનો સમયગાળો ક્યારથી શરૂ થયો?

- 1989 પછી ભારતમાં મિશ્ર સરકારનો સમયગાળો શરૂ થયો.

19. ભારતમાં સંયુક્ત સરકારોના પ્રધાનમંત્રીઓના નામો લખો.

- મોરારજીભાઈ દેસાઈ, અટલ બિહારી બાજપેય, વી.પી.સિંહ, ચંન્દ્રશેખર, એચ.ડી. દેવગૌડા, આઈ. કે. ગુજરાલ, ડૉ. મનમોહન સિંહ.

20. ભારતમાં મિશ્ર સરકારના યુગનો અંત ક્યારે આવ્યો?

- ઈ.સ. 2014ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરતા ભારતમાંથી મિશ્ર સરકારના યુગનો અંત આવ્યો.

21. પ્રાતિનિધિક લોકશાહીમાં સમાજ અને રાજય વચ્ચે કડીરૂપ ભૂમિકા કોણ ભજવે છે?

- પ્રાતિનિધિક લોકશાહીમાં સમાજ અને રાજય વચ્ચે કડીરૂપ ભૂમિકા રાજકીય પક્ષો ભજવે છે.

22. પરોક્ષ અથવા પ્રતિનિધિક લોકશાહીમાં શાસન ચલાવવાનું સાધન ક્યું છે ?

- પરોક્ષ અથવા પ્રાતિનિધિક લોકશાહીમાં શાસન ચલાવવાનું સાધન રાજકીય પક્ષો છે.

23. સંસદીય લોકશાહીમાં સરકાર રચવા જે તે રાજકીય પક્ષને ધારાસભાના કયા ગૃહમાં બહુમતી બેઠકો મળવી જોઈએ ?

- સંસદીય લોકશાહીમાં સરકાર રચવા જે તે રાજકીય પક્ષને ધારાસભાના નીચલા ગૃહમાં બહુમતી બેઠકો મળવી જોઈએ.

24. રાજકીય પક્ષોમાં શાનો અભાવ હોય તે લોકશાહીની દૃષ્ટિએ યોગ્ય નથી ?

- રાજકીય પક્ષોમાં આંતરિક લોકશાહીનો અભાવ હોય તે લોકશાહીની દૃષ્ટિએ યોગ્ય નથી.

25. ભારતની પક્ષપ્રથાને એક પક્ષ પ્રભાવ પ્રથા એવું નામ કયા કયા વિદ્વાનોએ આપ્યું છે ?

- ભારતની પક્ષપ્રથાને એક પક્ષ પ્રભાવ પ્રથા એવું નામ મોરિસપોન્સ અને રજની કોઠારી જેવાં વિદ્વાનોએ આપ્યું છે.

26. મકાઈવરે આપેલી રાજકીય પક્ષની વ્યાખ્યા જણાવો.

- રાજકીય પક્ષ કોઈ ચોક્કસ સિદ્ધાંતોને પાયામાં રાખીને રચાયેલું વ્યક્તિઓનું સંગઠન છે. જે કાનૂની રાહે સરકારી તંત્ર પર અંકુશ મેળવવાનો પ્રયાસ કરે છે. દા.ત, ભાજપ.

27. છાયાપ્રધાન મંડળ એટલે શું?

- આ ખ્યાલ ગ્રેટ બ્રિટન જેવા દેશોમાં અસ્તિત્વમાં છે. તે મુજબ વિરોધ પક્ષના સભ્યો જુદી જુદી બાબતો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. જયારે વૈકલ્પિક સરકાર રચવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે સરળતાથી સત્તાના સૂત્રો વિરોધપક્ષ સાંભળી લે છે.

28. લોકશાહીમાં સરકારની ફેરબદલી કઈ રીતે થાય છે?

- શાંતિ, અહિંસક ચૂંટણી દ્વારા સરકારની ફેરબદલી થાય.

29. રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચેનો મહત્ત્વનો તફાવત કયો છે ?

- રાજકીય પક્ષોનું ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોય છે. જયારે દાબજૂથોનું ધ્યેય હિતોનું રક્ષણ કરવાનું હોય છે.

30. પરોક્ષ અથવા પ્રતિનિધિક લોકશાહી એટલે શું ?

- જયાં લોકો પોતાના પ્રતિનિધિઓને ચૂંટે છે અને તેઓ લોકો વતી અને લોકોને જવાબદાર રહી શાસન ચલાવે છે. તેને પરોક્ષ લોકશાહી કહે છે.

### 31. ક્યારે લોકશાહી ટોળાશાહી બની જાય છે ?

- રાજકીય પક્ષોના નેતાઓ પક્ષીય સ્વાર્થ ખાતર લોકોની લાગણીઓને બહેકાવે છે. તેમાં સ્વસ્થ ચિત્તે બુદ્ધિપૂર્વક નિર્ણય લેવાની પ્રક્રિયામાં અવરોધ ઉભો થાય છે. ત્યારે લોકશાહી ટોળાશાહી બને છે.

### 32. શાસનની મુખ્ય પ્રક્રિયાઓ કેટલી છે અને કઈ કઈ છે?

- શાસનની ત્રણ પ્રક્રિયાઓ (1) સત્તાનો ઉપયોગ, (2) સત્તાનો વિરોધ (3) સત્તાધારીઓમાં પરિવર્તન.

### 33. લોર્ડ બ્રાઈસ લોકમતની કેવી વ્યાખ્યા આપે છે?

- સામાન્ય રીતે જે બાબતો લોકોને અસર કરે છે. અથવા જે બાબતોમાં લોકો રસ લે છે. તેમના વિષે જયારે મોટા ભાગના લોકો સમાન વિચારો ધરાવે છે. ત્યારે તેને લોકમત કહેવામાં આવે છે.

### 34. હિતજૂથ એટલે શું?

- જયારે કોઈ માનવ સમૂહ સમાન હિત ધરાવતો હોય અને પોતાના હિતોનું રક્ષણ કરવા અથવા તો તેને નુક્સાન ન થાય એ સારુ સંગઠિત થઈને સરકારને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તેને હિત જૂથ તરીકે ઓળખવામાં આવે છે.

### 35. દાબજૂથોનું ધ્યેય શું છે?

- તેમનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોતું નથી પણ સરકાર પર દબાણ લાવી તેની નીતિ અથવા કાર્યક્રમોને પ્રભાવિત કરવાનું હોય

### 36. લૉબીનો શો અર્થ છે?

- દાબજૂથો કે હિતજૂથો ધારાસભાની બેઠક ચાલુ ન હોય ત્યારે રજૂ કરવામાં આવનાર કોઈ ખરડો કે ઠરાવ પસાર ન થાય એ માટે ધારાસભ્યોને સમજાવવા પ્રયાસ કરે છે, તેને લોબી કહે છે.